# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com


---

રેફ નં. તાઃ ૦૭–૦૮– ૨૦૧૦

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ' ઓહ ..માઈન્ડ  રીલેક્સ પ્લીઝ' વિશે એક દિવસનો વર્કશોપ યોજાયો

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી  તથા દિવ્ય ભાસ્કરના સંયુકત ઉપક્રમે **'ઓહ...માઈન્ડ રીલેક્સ પ્લીઝ'** વિશે એક દિવસિય વર્કશોપનું આયોજન **રવિવાર,તા.૦૮/૦૮/૧૦**ના રોજ **સવારે ૦૮.૪૫ થી સાંજે ૦૫.૪૫** દરમિયાન **હોટલ તાજ ગેટ વે** માં કરવામાં આવ્યું છે. આ વર્કશોપમાં મુખ્ય વકતા તરીકે ઈન્ટરનેશનલ મેનેજમેન્ટ અને સ્પિરીચ્યુઅલ ગુરૂ સ્વામીશ્રી  સુખબોધાનંદજી  પ્રેરણાત્મક વકતવ્ય રજૂ કરશે.

## ચેમ્બરમા  'ચેલેન્જીસ એન્ડ ઓપોર્ચ્યુનિટિસ ઓફ ટવેન્ટી ફર્સ્ટ સેન્ચ્યુરી' વિશે  રસપ્રદ વાર્તાલાપ યોજાયો

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપક્રમે એક રસપ્રદ વાર્તાલાપનું આયોજન શુક્રવાર,તા.૦૬/૦૮/૧૦ના રોજ સાંજે ૦૬.૦૦ કલાકે સમૃધ્ધિ,નાનપુરામાં કરવામાં આવ્યું હતું.'ચેલેન્જીસ એન્ડ ઓપોર્ચ્યુનિટિસ ઓફ ટવેન્ટી ફર્સ્ટ સેન્ચ્યૂરી' વિશેના આ કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે હિન્દુ ધર્મ આચાર્ય સભાના નેશનલ કો ઓર્ડિનેટર અને સેક્રેટરી જનરલ સ્વામીશ્રી પરમાત્માનંદ સરસ્વતીજીએ પ્રેરણાત્મક વકતવ્ય રજૂ કયુ હતું.

કાર્યક્રમના આરંભમાં ચેમ્બર પ્રમુખ ડો. અજોય ભટ્ટાચાર્યએ પુષ્પ અને પુસ્તકથી સ્વામીજીનું સ્વાગત કર્યું હતું અને પોતાના આવકાર પ્રવચનમાં કહયું હતું કે, આજનો સમાજ પરિવર્તનને ઝડપથી સ્વીકારી શકતો નથી એટલે જ જયારે કોઈ દુઘર્ટના બને છે ત્યારે એની જવાબદારી લેવા કોઈ તૈયાર થતું નથી.દરેક દુઘર્ટના એ વાતને પુરવાર કરે છે કે,આપણે પરિવર્તનો માટે તૈયાર નથી.આજની દોડમાં આપણે મૂલ્યોને પરંપરાને અને માન સન્માનને ભૂલી રહયા છીએ.આવા સમયે આવનારી સદીની તકો અને પડકારોને જાણી લેવા જેટલા જરૂરી છે એટલું જ ઘ્યાન અંતરાત્મા સાથે તાદાત્મ્ય સાધવા તરફ પણ રાખવું જોઈએ.

ચેમ્બરની એજયુકેશન કમિટીના ચેરમેનશ્રી જગદીશ ટેકરાવાળાએ આજના મુખ્ય વકતા સ્વામીશ્રી પરમાત્માનંદજીનો પરિચય આપ્યો હતો.

સ્વામીશ્રી પરમાત્માનંદજીએ તેમની લાક્ષણિક શૈલીથી વકતવ્યનો પ્રારંભ કર્યો હતો.તેમણે સામાજિક અને સાંસ્કૃતિક દ્રષ્ટિએ આજની સ્થિતીનો ચિતાર આપતાં કહયું હતું કે,આપણે બીમાર પડીએ ત્યારે સૌથી પહેલા તો જાતે જ કોઈ દવા લઈ લઈએ છીએ ન મટે તો આપણે ફેમિલી ડોકટર પાસે જઈએ અને તો પણ ન મટે તો પછી આપણે સ્પેશ્યાલિસ્ટ પાસે જઈએ છીએ એ જ આપણી બીમારીનું સાચું નિદાન કરે છે.આજે પણ આપણી સમસ્યાનું સાચું નિદાન થતું નથી એટલે જ આપણે તેનો ઉપચાર કરી શકતા નથી.સમાજનો માઈન્ડસેટ જ બદલાઈ ગયો છે.દેશના વિકાસને માત્ર આર્થિક વિકાસની માપપટટીથી જ માપવામાં આવે છે.ઉપભોકતાવાદ વઘ્યો છે જેને કારણે નવી પેઢી હવે દેવાદારોની ઉભી થઈ રહી છે.પૈસાનું મહત્વ જે રીતે વઘ્યું છે એ જ સૌથી મોટો પડકાર છે.કારકિર્દીની દોડમાં પરિવાર જીવન અને માનવતાના મૂલ્યો હોડમાં મૂકાઈ ફયા છે.ટેકનોલોજીનો વિકાસ એ વરદાન છે પરંતુ એની ઉપયોગિતા નકકી કરવાની વિવેકબુઘ્ધિ આપણી પાસે નથી રહી.ભયંકર વિરોધાભાસ જોવા મળી રહયો છે.આપણીપાસે ટેકનોલોજીને કારણે સુવિધાઓ વધી છે તો આપણી પાસે સમય નથી.નિષ્ણાતો વઘ્યા તો સમસ્યાઓ પણ વધી છે.જ્ઞાન વઘ્યું તો નિર્ણયશકિત ઘટી ગઈ છે.આપણે ચંદ્ર સુધી પહોંચી શકયા ખરા પણ પાડોશીના ઘર સુધી પહોંચવાનો સમય નથી કે પછી એવી તસ્દી આપણે લઈ શકતા નથી.આયોજનો કરી શકીએ છીએ પણ અમલનો અભાવ છે.પરમાણુનો વિસ્ફોટ કરી શકીએ છીએ પણ પૂર્વગ્રહોને મીટાવી નથી શકતા.સંબંધોનું જોડાણ સાવ તકલાદી છે અને ચરિત્રનું

અવમૂલ્યન થઈ રહયું છે.સામાજિક જવાબદારી કોઈએ તો ઉઠાવવી જ પડશે આવા સમયે તંદુરસ્ત કોર્પોરેટ કલ્ચર જરૂરી છે.તેમણે કહયું કે જીવન મૂલ્યો અને સિધ્ધાંતો સાથેનું હોવું જોઈએ.સુખનો સંબંધ સાધન સાથે નથી પરંતુ મન સાથે જ છે.પુરૂષાર્થનો સેતુ બાંધીશુ તો એનાથી મોટો કૃપાનો સેતુ મળશે.સ્વામીજીએ ઉપસ્થિત શ્રોતાઓના પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો આપ્યા હતા.

સમૃધ્ધિના સંપાદક તથા કોન્ફરન્સ ચીફ કો ઓર્ડિનેટર શ્રી બી.એસ.અગ્રવાલે આભારવિધિ આટોપી હતી.

# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**
"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦
E-mail : info@sgcci.com Website : www.sgcci.com

---

રેફ નં. તા: ૦૫–૦૮ – ૨૦૧૦

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## <u>આજનો કાર્યક્રમ</u>

### 'ચેલેન્જીસ એન્ડ ઓપોર્ચ્યુનિટિસ ઓફ ટવેન્ટી ફર્સ્ટ સેન્ચ
### વિશે ચેમ્બરમાં રસપ્રદ વાર્તાલાપ યોજાશે

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપક્રમે એક રસપ્રદ વાર્તાલાપનું આયોજન ૦૬.૦૦ કલાકે સમૃધ્ધિ,નાનપુરામાં કરવામાં આવ્યું છે. 'ચેલેન્જીસ એન્ડ ઓપોર્ચ્યુનિટિસ ઓફ ટવેન્ટી ફર્સ્ટ વકતા તરીકે હિન્દુ ધર્મ આચાર્ય સભાના નેશનલ કો ઓર્ડિનેટર અને સેક્રેટરી જનરલ સ્વામીશ્રી પરમાત્માનં કરશે.

આ કાર્યક્રમનો લાભ લેવા ચેમ્બર પ્રમુખ ડો. અજોય ભટ્ટાચાર્યએ ખાસ અનુરોધ કર્યો છે.